# અંબાજી મંદિરના સ્ટાફમાં અડધોઅડધ કાપનો નિર્ણય : મંદિરમાં પણ મંદી

ડીસા, ૧૪

અંબાજીના ખાતે માતાજીના મૂળ સ્થાન ગબ્બર પર્વતને ફરતે રૂ. ૬૦ કરોડના ખર્ચે ૫૧ શક્તિપીઠ બનાવવામાં આવ્યા છે. અંબાજી માતાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા નિર્માણ પામેલા આ પરિક્રમા પથમાં દેશના ૫૧ શક્તિપીઠની -તિકૃતિ સમાન આબેહૂબ મંદિરોને રાજસ્થાનના બંસી પહાણપુરાના લાલ પથ્થરથી નિર્માણ કરાયા છે. આ શક્તિપીઠોમાં મૂર્તિઓની -ાણ-તિષ્ઠા રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના વરદ્ હસ્તે ગત ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૪ નાં રોજ થયેલ હતી,અંબાજી મંદિરના ટ્રસ્ટ દ્વારા પૂજાઅર્ચના માટે -તિમાસ રૂપિયા ૧૦ હજારના પગારથી ૫૧ પૂજારીઓ, ૨૮ સફાઈ કામદાર અને ૩૫ સુરક્ષા કર્મચારીની નિમણૂકો કરી હતી જેમાં અડધોઅડધ કાપ મૂકવાનો અંબાજી ટ્રસ્ટે નિર્ણય કર્યો છે એટલું જ નહીં રાજભોગ અને ફળફળાદી વગેરેમાં કાપ મુકાતા શ્રદ્ધાળુઓમાં પણ નારાજગી ભી થઈ છે. ટ્રસ્ટને વર્ષેદહાડે કરોડો રૂપિયાની આવક થઈ રહી છે ત્યારે ટ્રસ્ટ દ્વારા આ નિર્ણય લેવામાં આવતા મુખ્ય -ધાન તેમજ વડા -ધાનને રજૂઆત કરવાનો બ્રહ્મ સમાજે નિર્ણય કર્યો છે.

કારમી મોઘવારીમાં દેશ નો આમ આદમી જયારે મંદીની માર સહન કરી રહ્યો છે ત્યારે કરોડોની આવક ધરાવતું બનાસકાંઠા નું સુ-સિદ્ધ અંબાજી મંદિર નો વહીવટ સંભાળતા અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ માં પણ મંડી એ પગલા માંડ્યા છે પ્રાપ્ત માહિતી મુજબ સુ-સિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓ એક જ સ્થળે ૫૧ શક્તિપીઠના દર્શન કરી શકે તે માટે ગબ્બર ખાતે કરોડો રૂપિયાના ખર્ચે૫૧ શક્તિપીઠ પરિક્રમાનું નિર્માણ કરાયું હતું જેનું તત્કાલીન મુખ્ય -ધાન અને હાલના વડા -ધાન નરેન્દ્ર મોદીએ લોકાર્પણ કર્યું હતું. ૫૧ શક્તિપીઠની પૂજાઅર્ચના માટે મહિને રૂ. ૧૦ હજારના પગારથી ૫૧ પૂજારીની નિમણૂકો કરવામાં આવી હતી. તદુપરાંત ૨૮ જેટલા સફાઈ કામદાર અને ૩૫ સુરક્ષા કર્મીની નિમણૂક કરવામાં આવી હતી. દરમિયાન તાજેતરમાં અંબાજી ટ્રસ્ટ વ્યવસ્થાપક કમિટીની બેઠક મળી હતી જેમાં ૫૧ શક્તિપીઠ પરિક્રમાના સંચાલનના ખર્ચામાં કાપ મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પૂજારીઓ, સફાઈ કામદારો, સુરક્ષાકર્મીઓ રાજભોગ અને ફળફળાદી વગેરેમાં અડધોઅડધ કાપ મૂકવાનો નિર્ણય કરાતા બ્રહ્મસમાજમાં ટ્રસ્ટ સામે અસંતોષ વ્યાપી ગયો છે અને આ સંદર્ભે પરશુરામ પરિવાર અંબાજી દ્વારા મુખ્ય -ધાન અને વડા -ધાનને લેખિત રજૂઆત કરવામાં આવી છે.જયારે આ બાબતે ૧૦ વર્ષ સુધી અભ્યાસ કરી આચાર્ય ની ડીગ્રી મેળવી ધાર્મિક સંસ્કૃતિ ને ધબકતી રાખવા આગળ આવેલા પુજારિઓ દોઢ વર્ષના રોજગાર બાદ હવે સરકારના બેરોજગાર બનાવવા નાં કરાયેલા નિર્ણય સામે ભયભીત બની ન્યાય માંગી રહ્યાં છે.





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## ઝાંઝરીના ભોગીયા ધરાએ અમદાવાદના એક યુવાનનો ભોગ લીધો

મોડાસા, તા. ૧૪

જમીલ મીયા મહેબુબમીયા શેખ રહે. દાણી લીમડા અમદાવાદ વિગત મરણ જનાર ભાઈ રવિવારનો દિવસ હોવાથી પોતાના મિત્રો સાથે બાયડ તાલુકાના ડભોડા નજીક આવેલ ઝાંઝરીના પવિત્ર ધોધ ખાતે ફરવા આવ્યા હતા તે સમય દરમ્યાન મરણ જનાર જમીલભાઈ પોતાના મિત્રો સાથે આ ઝાંઝરીના ધોધમાં નહાવા પડ્યા હતા પરંતુ જમીલભાઈ ભોગીયા ધરાના ઊંડા પાણીમાં ડુબી જતા તેમનું મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય પાંચ મીત્રો એક બીજાની મદદગારીથી બહાર આવી ગયા હતા.

## મોડાસાની ૫૭ ગ્રામ પંચાયતમાં ચૂંટણી આયોગ દ્વારા અનામત બેઠકો જાહેર

### ૨૯ ગામોમાં મહિલાઓ માટે સરપંચપદ અનામત : અનુસૂચિત અને બક્ષીપંચની છ-છ બેઠકો અને આદિજાતિના સરપંચ માટે ૨ બેઠક ફાળવાઈ

મોડાસા, તા. ૧૪

રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી અને અરવલ્લી જિલ્લા કલેકટર એસ.છાકછુવાક દ્વારા મોડાસા તાલુકાની ૫૭ ગ્રામ પંચાયતોના સરપંચ પદ માટેની બેઠકો અંગે જાહેરનામું -સિદ્ધ કરાયું છે. જેમાં ૨૯ ગ્રામ પંચાયતોમાં સરપંચ પદ મહિલાઓ માટે અનામત રખાયું છે.

ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૯ નેપેટા કલમ (૧) તથા (૫) હેઠળ વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે મોડાસા તાલુકાની ૫૭ ગ્રામ પંચાયતો માટે સરપંચ બેઠકની સામાન્ય અને અનામત કેટેગરી (વર્ગ) જાહેર કરાઈ હતી. જિલ્લા કલેકટર દ્વારા કરાયેલ આ સીમાંકન મુજબ તાલુકાની ૫૭ ગ્રામ પંચાયતો પૈકી ૨૯ ગ્રામ પંચાયતોમાં સરપંચ પદે મહિલાઓ બિરાજશે. તાલુકાની ૧,૫૪,૯૭૭ની વસ્તીને ધ્યાને લઈ ઠરાવેલ નવા સીમાંકનમાં ૫૭ ગ્રામ પંચાયતોમાં કુલ ૪૯૬ બેઠકો ફાળવાઈ છે.

સરેરાશ ૮થી ૧૦ વોર્ડની ગ્રામ પંચાયતો પૈકી ૨૮ પંચાયતોમાં સરપંચ પદે સામાન્ય બેઠક ઉપરના ઉમેદવારોની ચૂંટણી યોજાશે. તાલુકાની સૌથી મોટી ટીંટોઈ ગ્રામ પંચાયતામાં ૮૮૮૨ની વસ્તીના આધારે ૧૨ વોર્ડ, જયારે સૌથી ઓછી ૪૨૩ જનસંખ્યા ધરાવતી કિશોરપુરા ગ્રામ પંચાયતમાં આઠ વોર્ડની રચના કરાઈ છે.

ગ્રામ પંચાયત વાર સરપંચ બેઠકની કેટેગરી

સા.શૈ.પછાત વર્ગ સ્ત્રી : અમલાઈ,બડોદરા,બાયલ

સા.શૈ.પછાતવર્ગ સામાન્ય : ભચડીયા,ભેરૂન્ડા,બોડી

અનુસૂચિત જાતિ સ્ત્રી : બામણવાડ, સરડોઈ,વરથુ

અનુસૂચિત જાતિ સામાન્ય : બોલુન્દ્રા,દધાલીયા,દાવલી

અનુસૂચિત આદીજાતિ સ્ત્રી : વણીયાદ

અનસૂચિત આદીજાતિ સામાન્ય : મુલોજ

બિન અનામત સામાન્ય સ્ત્રી : બોરડી, ઢાંખરોલ, ડુઘરવાડા,ફરેડી, ગઢા, ગઢડા, ગાજણ, ગારૂડી, ઈટાડી, જંબુસર, જીતપુર(મહા.), કઉં, જીવણપુર, ખડોદા, ખલીકપુર, ખંભીસર, કીશોરપુરા,કોકાપુર, કોલીખડ, કુડોલ, લીંભોઈ, મહાદેવગ્રામ.

બિન અનામત સામાન્ય : માથાસુલીયા, મેઢાસણ, મોટીચીચણો, મોટી ઈસરોલ, નાંદીસણ, નવાવડવાસા, પહાડપુર, રાજલી, સબલપુર, સજાપુર, સાકરીયા, સરૂરપુર,સાયરા, શામપુર, શીણાવાડ, સુરપુર, ટીંટોઈ, ઉમેદપુર (દધાલીયા), વોલ્વા, વાંટારામપુર, ઝાલોદર.

## અરવલ્લીમાં દાળ-કઠોળના ભાવો એક જ વર્ષમાં બમણા

### ગૃહીણીઓ અને રેસ્ટોરન્ટવાળા પરેશાન

મોડાસા, તા. ૧૪

ભારતીય જનતા પાર્ટીએ કેન્દ્ર સરકારમાં ભાજપાની સરકાર રચવા ચૂંટણીમાં આપવામાં આવેલા વચનો ઠગારા નિવડી રહ્યા છે. ભાજપાએ કેન્દ્રમાં સત્તા સંભાળે એક વર્ષથી વધારે સમય પૂર્ણ થઈ ગયો છે. ત્યારે ૧૦૦ દિનમે અચ્છે દિન કે સપને પ્રજાજનો માટે બૂરે દિન બની ગયા છે. એક જ વર્ષમાં દાળ અને કઠોળના ભાવમાં ૫૦ ટકાથી વધુ મોંઘા બનતા જિલ્લાવાસીઓની અને જિલ્લામાં આવેલી રેસ્ટોરન્ટથી થાળીઓમાંથી દાળની માત્રા ઘટવાની સાથે અદૃશ્ય બની ગઈ છે. દાળ અને કઠોળના વધેલા ભાવથી વ્યાપારીઓ અને રેસ્ટોરન્ટ વાળાની હાલત કફોડી બની ગઈ છે.

ગુજરાતી થાળીની આગવી ઓળખ એટલે ગુજરાતી મીઠી દાળ અને કઠોળ. ગુજરાતીઓના સવાર-સાંજના ભોજનમાં થાળીમાં અવશ્ય દાળ અને કઠોળનું સ્થાન જોવા મળે છે. જ્યારે ગરીબ વર્ગના લોકો અને મધ્યમવર્ગીય પરિવારો તો એક ટંક કઠોળ અને દાળથી ચલાવી લેતા જોવા મળે છે. રોજબરોજ ઉપયોગમાં લેવાતા દાળ અને કઠોળના ભાવમાં છેલ્લા એક વર્ષમાં સૌથી મોટો ઉછાળો આવતા ગૃહીણીઓના બજેટમાં ગાબડુ પડી ગયું છે. દાળ અને કઠોળના ભાવ વધારાથી ત્રાસી જઈને ગૃહીણીઓએ દાળ અને કઠોળથી મન મનાવી લઈને લીલી શાકભાજી તરફ ધ્યાન આપાતાં જિલ્લામાં દાળ અને કઠોળના વ્યાપારીઓના વેચાણ અને નફામાં ગાબડુ પડી ગયું છે. દાળનો અને કઠોળના ભાવ છેલ્લા એક વર્ષમાં બમણા થઈ જતાં ગુજરાતી થાળી પિરસતા રેસ્ટોરન્ટ અને પેઈનગેસ્ટ તરીકે જમાડી ગુજરાન ચલાવતા લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે. ત્યારે રેસ્ટોરન્ટ અને પેઈનગેસ્ટ તરીકે જમાડતા ગુજરાતી થાળીમાંથી કઠોળ ગાયબ થઈ જવાની સાથે શાકભાજી સહિતનું ભોજન પિરસવા મજબૂર બન્યા છે. કેન્દ્ર સરકારને એક વર્ષથી વધુનો સમય વિતી ગયો છે ત્યારે પ્રજાજનોના અચ્છે દિનની રાહ જોતા જોતા બૂરે દિન જીવવા મજબૂર બન્યા છે.



**રસોડાનું બજેટ ખોરવાયું : ગૃહીણી**

મોડાસાના ગૃહિણી ભાવનાબેન ચૌધરીના જણાવ્યા મુજબ દાળના ભાવ છેલ્લા એક વર્ષમાં બમણા થતા રસોડાનું બજેટ ખોરવાઈ ગયું છે. જેથી દાળ અને કઠોળનો ન છૂટકે ઉપયોગ કરવાનુ ટાળી રહ્યાની સાથે લીલા શાકભાજીને થાળીમાં પ્રાધાન્ય આપવામાં આવે છે.

**ગુજરાતી થાળી મોંઘી બની : વિદ્યાર્થી**



મોડાસા શહેરની કોલેજમાં અભ્યાસ કરતા અને પેઈનગેસ્ટ તરીકે રહેતા આકાશ રાઠોડના જણાવ્યા મુજબ દાળના ભાવમાં અને કઠોળના ભાવમાં વધારો થતાં રેસ્ટોરન્ટ અને ગુજરાતી થાળી પીરસતા હોટલો દ્વારા કઠોળમાં કાપ મુકવામાં આવ્યો છે.

## મોડાસા નગરપાલિકાની ગટર યોજનામાં ઢાંકણની ખરીદીમાં પોલમપોલ

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં મોડાસા નગરપાલિકા દ્વારા નવિન ગટર યોજના અંતર્ગત મોડાસા નગરના લઘુમતિ વિસ્તારમાં ચાર મહિના પહેલા નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલી ગટરોના સેફ્ટી ટાંકીના ઢાંકણની ખરીદીમાં મોટા પ્રમાણમાં ખાયકી કરી હલકી કક્ષાના લોખંડના ઢાંકણનો ઉપયોગમાં લેવાતા લઘુમતિ વિસ્તારના પ્રજાજનોમાં આક્રોશ ફેલાયો છે. ઢાંકણ ટુટી જતાં મોટી દૂર્ઘટના સર્જાવાની ભીતી સેવતા લઘુમતિ સમાજના રહીશો.



(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા શહેરમાં મોડાસા નગરપાલિકા દ્વારા લઘુમતિ વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલ માટે ચાર મહિના પહેલા નવિન ગટર યોજના અંતર્ગત નગરપાલિકા દ્વારા ગટર યોજનાનું નિર્માણ કરી ગટરો બનાવવામાં આવી છે. ત્યારે નગરપાલિકા દ્વારા અપાયેલા કોન્ટ્રાકટરે નગરપાલિકાના વહીવટીતંત્ર અને સત્તાધીશો સાથે સાંઠગાંઠ રચી કે પછી કોન્ટ્રાક્ટર દ્વારા હલકી ગુણવત્તાનું કામકાજ કરવામાં આવ્યું હોય તેવું લોકોમાં પ્રશ્નો ઉદ્ભવ્યા છે. નગરપાલિકા દ્વારા મોડાસાના જમાલવાવ વિસ્તારમાં ઘાંચી આરોગ્ય મંડળથી બાલાપિર દરગાહ જવાના મુખ્યમાર્ગ પર અને કાદરીચોકથી કસ્બા તરફ જવાના મુખ્યમાર્ગ પર બનાવેલી ગટરોમાં ધારાધોરણ મુજબ કામકાજ કરવામાં આવ્યું નથી. તેમજ સેફ્ટી ટાંકી પર ગોઠવવામાં આવેલ ઢાંકણના રૂપિયામાં ભ્રષ્ટાચાર આદરી ઢાંકણમાં સમાયા હોય તેવો ઘાટ સર્જાયો છે. નગરપાલિકા દ્વારા બનાવેલી ગટરના સેફ્ટી ટાંકીના ઢાંકણની ખરીદીમાં પોલમપોલ જોવા મળે છે, નવિન ગટર યોજનાને ચાર મહિના જેટલો સમય થયો હોવા છતાં ચાર મહિનાના સમય ગાળામાં જ સેફ્ટી ટાંકી પરના ઢાંકણો હલકી કક્ષાના લોખંડના લીધે અંદરની તરફ વળી ગયા છે. જ્યારે અમુક સેફ્ટી ટાંકીના ઢાંકણોના તો નામોનિશાન જોવા મળતા નથી. જેથી લઘુમતિ સમાજના પ્રજાજનોમાં રોષ ભભુકી ઉઠ્યો છે.

નૂર એ મોહમંદી સોસાયટીના રહીશ જીવાભાઈના જણાવ્યા મુજબ મોડાસા નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલી ગટરોના સેફ્ટી ટેંકના ઢાંકણો ચાર મહિનાની અંદર જ હલકી કક્ષાનું લોખંડ વાપરવામાં આવતાં ઢાંકણો વળી ગયા છે. જ્યારે અમુક ઢાંકણો તો દેખાતા પણ નથી. આમ નગરપાલિકા દ્વારા ઢાંકણની ખરીદીમાં મોટી ખાઈકી કરી લઘુમતિ સમાજના બાળકોના જાન જોખમમાં મુક્યા હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે. જમાલવાવ વિસ્તારમાં ચોમાસામાં વરસાદી પાણીથી કમ્મર સુધી વરસાદી પાણીનો ભરાવો થતો હોય છે. ત્યારે જમાલવાવ વિસ્તારમાં આવેલી શાળાઓ અને રહેતા રહિશો બાળકો ગટરોના ઢાંકણના હલકી કક્ષાના અભાવે ગટરોમાં ગરકાવ થઈ જવાની સંભાવના જોવાઈ રહી છે. તો નગરપાલિકા તંત્ર અથવા ચીફ ઓફિસર દ્વારા તાત્કાલિક આ ઘટના અંગે યોગ્ય કાર્યવાહી કરી ગટરોની સેફ્ટી ટેંકના ઢાંકણો નવા મજબૂત નાખી યોગ્ય કાર્યવાહી કરવા માંગ ઉઠી છે.





(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૧૫ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા બનાસકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી રમણલાલ વોરાના હસ્તે બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના બેચરપુરા (કુંપટ), માલગઢ કુંપટ હાઈવે પ્રાથમિક શાળા અને એમ.એસ.પી. પરબડીમાલગઢ મુકામે આંગણવાડી અને પ્રાથમિક શાળાઓમાં બાળકોને પ્રવેશ અપાવી ઉજ્જવળ અને સુખમય ભવિષ્યની મંત્રીશ્રી દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## રેલ્લાવાડા ખાતે પ્લે કીડ્ઝ શાળાનો પ્રારંભ



ઈસરી, તા. ૧૪

મેઘરજના રેલ્લાવાડા ખાતે ન્યૂ લીપ મોડાસાના સહયોગથી પ્લેકીડ્ઝનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેનું ઉદ્ઘાટન હરેશભાઈ ચૌધરીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ઉદ્ઘાટન સમારંભમાં મહાનુભાવો બળવંતસિંહ રાઠોડ, જયદીપસિંહ રાઠોડ, સુરેશભાઈ જલારામ, જીતુપુરી, કોદરભાઈ પટેલ, પૂંજાભાઈ પટેલ, અરૂણાબેન, રીનાબેન, મહેશભાઈ પટેલ, કલ્પેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને નર્સરી-કેજી તેમજ ધોરણ-૧-૨માં નવા પ્રવેશ લેનાર ભુલકાઓને કુમકુમ તિલક કરી શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકો અને વાલીઓ હાજર રહ્યા હતા.

## બનાસકાંઠામાં વિશ્વ યોગ દિનની તડામાર તૈયારીઓ

પાલનપુર, તા.૧૪

તા.૨૧ જૂન વિશ્વ યોગ દિનની બનાસકાંઠા જિલ્લામાં શાનદાર ઉજવણી કરવામાં આવશે. તેની તડામાર તૈયારીઓ કલેકટરશ્રી દિલીપ રાણાના માર્ગદર્શન હેઠળ ચાલી રહી છે. પાલનપુર મુકામે જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી રમણલાલ વોરાના અધ્યક્ષસ્થાને યોજાયેલ વિવિધ બેઠકોમાં કલેકટરશ્રી દિલીપ રાણાએ જણાવ્યું હતું કે વિશ્વ યોગ દિનની સમગ્ર દેશમાં અને વિશ્વમાં જોરદાર ઉજવણી થવાની છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં વિશાળ સંખ્યામાં લોકો આ કાર્યક્રમમાં જોડાય તેનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે રોટરી અને લાયન્સ કલબ, એન.સી.સી., એન.એસ.એસ., પેન્શન મંડળ, શાળા, કોલેજો, વિવિધ મંડળોના પ્રતિનિધિઓ અને વિશાળ સંખ્યામાં લોકો યોગ દિનની ઉજવણીમાં જોડાશે. કલેકટરશ્રીએ કહ્યું કે યોગાનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ પાલનપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. ઉપરાંત જી.ડી. મોદી કોલેજ વિદ્યા સંકુલ અને કલેકટરશ્રીની કચેરીનો બગીચો તથા દરેક તાલુકા સ્થળોએ પણ બે જગ્યાએ અને જિલ્લાની તમામ શાળાઓ અને કોલેજોમાં યોગા, પ્રાણાયામ અને મેડીટેશન કરાવવામાં આવશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ



ગુજરાત સરકાર માન્ય

ISO-9001:2008 COMPANY



સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA

ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦